સકલ જગત કો આપ રચાવે સબકા પાલનહારા, અંદર બાહિર સબ ઘટ પૂરન, સબસે નિશદિન ન્યારા, પ્રભુ તેરી મહિમા પરમ અપારા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૫૯ | ૩૦ નવેમ્બર, ૨૦૨૦, સોમવાર; કારતક સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# આંદોલનકારી ખેડૂતો આક્રમક મૂડમાં



**અમિત શાહની અપીલ ફ્લોપ : નવા કૃષિ કાયદા વિરુદ્ધ ખેડૂતોનું પ્રદર્શન સતત ચોથા દિને પણ ચાલુ છે : ત્રીજીએ વાતચીત કરવા માટે સરકાર તૈયાર**

નવીદિલ્હી, તા. ૨૯

નવા કૃષિ કાયદા વિરુદ્ધ ખેડૂતોનું પ્રદર્શન સતત ચોથા દિવસે રવિવારે પણ ચાલુ છે. દિલ્હી પોલીસે ખેડૂતોને બુરાડીમાં નિરંકારી આશ્રમ સુધી આવવાની મંજૂરી આપી, પરંતુ મોટાભાગના ખેડૂતો સિંધુ અને ટીકરી બોર્ડર પર એકઠા થયા છે. તેમનું કહેવું છે કે અમને જંતર મંતર જવાની મંજૂરી આપવામાં આવે, નહીંતર અહીં જ પ્રદર્શન કરશે. ખેડૂતો રોજ બેઠક કરીને તે દિવસની રણનીતિ બનાવશે.

કેન્દ્રએ ફરી કહ્યું કે સરકાર ખેડૂત સંઘો સાથે ૩ ડિસેમ્બર વાતચીત માટે તૈયાર છે. સૂત્રોએ જણાવ્યું કે, ખેડૂતોને બુરાડી પહોંચાડવા માટે અમિત શાહ સહિત ઘણા કેન્દ્રિય મંત્રીઓએ ખેડૂત નેતાઓ સાથે વાત કરી છે, પરંતુ ખેડૂતો ત્યાંથી હલવાથી પણ તૈયાર નથી. તેમને લાગે છે કે હાઈવે છોડવા પર તેમની સ્થિતિ કમજોર થઈ જશે. તેઓ ઈચ્છે છે કે મંત્રી બોર્ડર પર આવીને વાત કરે. દિલ્હીથી અડીને આવેલી ગાઝીપુર બોર્ડર પર પણ ખેડૂતો એકઠા થયા છે. તેમને ટ્રેક્ટર વિના પ્રવેશની મંજૂરી આપવામાં આવી છે.

હરિયાણાના જીંદ, પાણીપતમાં મોટી સંખ્યામાં ખેડૂતો દિલ્હી તરફ આવી રહ્યા છે. જ્યારે બુરાડી પહોંચેલા ખેડૂતો માટે ટેંટ, ખાવા-પીવાની વ્યવસ્થા કરવામાં આવી છે. કોરોના ટેસ્ટની પણ વ્યવસ્થા કરાઈ છે. આ પહેલા ગૃહમંત્રી શાહે પ્રદર્શનકારી ખેડૂતોને કહ્યું હતું કે તે પોતાનો વિરોધ પ્રદર્શન કરવા માટે રાષ્ટ્રીય રાજધાનીના બુરાડી મેદાનમાં જતા રહે.

ગૃહમંત્રી અમિત શાહની અપીલ બાદ ખેડૂતો શનિવારે પણ નારાજ જોવા મળ્યા. ભારતીય કિસાન યુનિયન-પંજાબના અધ્યક્ષ જગજીત સિંહે કહ્યું કે, અમિત શાહજીએ સશર્ત જલ્દી મળવાની વાત કરી છે જે ઠીક નથી.

# કૃષિ સુધારાઓએ ખેડૂતો માટે નવી શક્યતાના દ્વાર ખોલ્યા છે : મોદી

**એસડીએમ એક મહિનાની અંદર જ ખેડૂતની ફરિયાદનો નિકાલ કરશે : રાષ્ટ્રનું શિક્ષણ વિદ્યાર્થીની દિલ-દિમાગની ટ્રેનિંગ હોવી જોઈએ**

નવી દિલ્હી, તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મન કી બાત કરી હતી. તેમણે રેડિયો કાર્યક્રમમાં કહ્યું કે, આજે જ્યારે અમે આત્મનિર્ભર ભારતની વાત કરી રહ્યાં છે, ત્યારે મહર્ષિ અરબિંદો યાદ આવે છે. તેમણે પોતાની ક્ષમતા પર વિશ્વાસ કરવાની વાત કહી. અરબિંદોએ વિદેશોથી શીખવાનો વિરોધ નથી કર્યો. આ જ આત્મનિર્ભર ભારતની વોકલ ફોર લોકલ ભાવના છે.

આ સાથે જ તેમણે મન કી બાતમાં કૃષિ કાયદા વિશે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, કૃષિ સુધારોથી ખેડૂતોની મુશ્કેલી દૂર થઈ રહી છે. પાકની ખરીદીના ત્રણ દિવસ બાદ જ ખેડૂતોને ચૂકવણી થઈ જાય છે. સંસદે કૃષિ કાયદાને સ્વરૂપ આપ્યું છે.

મોદીએ કહ્યું કે, અરબિંદો કહેતા હતા કે રાષ્ટ્રની શિક્ષણ વિદ્યાર્થીની દિલ-દિમાગની ટ્રેનિંગ હોવી જોઈએ. તેમણે શિક્ષણની જે વાત ત્યારે કહી હતી, તે આજે અમે નવી શિક્ષણ નીતિના માધ્યમથી કરી રહ્યાં છે. પીએમ મોદીએ મન કી બાતની શરૂઆત કરતાં કહ્યું કે, ભારતના લોકોને એક ખુશખબરી આપવા માંગું છું. દેવી અન્નપૂર્ણાની મૂર્તિ કેનેડાથી પરત આવી રહી છે જે કાશીથી ચોરી કરવામાં આવી હતી. પીએમ મોદીએ તેના માટે કેનેડા સરકારનો આભાર વ્યક્ત કર્યો છે.

## આજે વડાપ્રધાન મોદી વારાણસી જશે

ન્યુ દિલ્હી,તા.૨૯

વડા પ્રધાન મોદી સોમવારે પોતાના સંસદીય વિસ્તાર વારાણસીનો પ્રવાસ કરશે અને વારાણસી તેમજ પ્રયાગરાજ વચ્ચેના છ લેન વાળા નેશનલ હાઈવેનું ઉદ્ઘાટન કરશે. તેઓ ત્યાં દેવ દિવાળીના કાર્યક્રમમાં પણ સામેલ થશે.


**જોઈએ છે કોવિડ હોસ્પિટલ, ગાંધીનગર માટે**

- મેડીકલ સુપરવાઈઝર
- નર્સિંગ સ્ટાફ
- સ્વિપર સ્ટાફ
- ઓફીસ બોય
- એકાઉન્ટન્ટ (બીલીંગ માટે)

**સંપર્ક : સરમાઉન્ટ હોસ્પિટલ**
R-16, ડી-માર્ટની બાજુમાં, સેક્ટર-૨૬, ગાંધીનગર
સવારે : ૯ થી ૧૧માં




